# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16/03/2026** **Morning : 7.10 to 7.20**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. **આણંદની ઉમરેઠ વિધાનસભા બેઠક પર આગામી 23 એપ્રિલે પેટા-ચૂંટણી – કેન્દ્રીય ચૂંટણી પંચની જાહેરાત.**
2. વહીવટી સેવામાં જોડાતા યુવાનોને સુશાસનનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચાડવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો અનુરોધ.
3. વર્ષ 2025-26માં 24 લાખથી વધુ બાળકનું સફળ રસીકરણ કરી ગુજરાતે વિક્રમ બનાવ્યો.
4. **રાજ્યમાં આ બુધવારથી ત્રણ દિવસ કમોસમી વરસાદની આગાહી.**
5. મહેસાણાનાં દિવ્યાંગ ખેલાડી ભાવિના પટેલે પૉલેન્ડમાં રમાયેલી ટૅબલ ટેનિસ સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીત્યો.

-----------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

# UMRETH BYE ELECTION

આણંદની ઉમરેઠ વિધાનસભા બેઠક માટે આગામી 23 એપ્રિલે ગુરુવારે પેટા-ચૂંટણી યોજાશે. નવી દિલ્હીમાં કેન્દ્રીય ચૂંટણી પંચે ગઈકાલે આ અંગેની જાહેરાત કરતા જણાવ્યું હતું કે, આગામી 30 માર્ચે પેટા–ચૂંટણી માટેનું જાહેરનામું પ્રસિદ્ધ કરાશે. 6 એપ્રિલ સુધી ઉમેદવારી નોંધાવી શકાશે અને 7 એપ્રિલે ઉમેદવારીપત્રની ચકાસણી થશે. જ્યારે આગામી 4 મે-ના રોજ મતગણતરી હાથ ધરાશે. આ અંગે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે વધુ માહિતી આપી.

(BYTE: GYANESH KUMAR, CEC)

ઉલ્લેખનીય છે કે, ઉમરેઠના ધારાસભ્ય ગોવિંદ પરમારનું તાજેતરમાં અવસાન થતાં આ બેઠક ખાલી પડી છે.

# CM AMDAVAD

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વહીવટી સેવામાં જોડાઈ રહેલા યુવાનોને જનસેવાને પરમ ધર્મ માનવા અને સુશાસનનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચાડવા કામ કરવા અનુરોધ કર્યો છે. અમદાવાદમાં એક સંસ્થા દ્વારા કેન્દ્રીય જાહેર સેવા આયોગ – **UPSC** અને ગુજરાત જાહેર સેવા આયોગ – **GPSC** જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થયેલા યુવાનોને સન્માનિત કરવાના કાર્યક્રમને સંબોધતા શ્રી પટેલે આ વાત કહી.

વધુમાં તેમણે કહ્યું, સરકારી સંશાધનો અને નાણાનો ઉપયોગ જ્યારે લોકોની સુખાકારી માટે સાચી દિશામાં થાય ત્યારે તે સમાજ માટે આશીર્વાદરૂપ બને છે.

## RJK MANSUKH MANDAVIYA

રાજકોટમાં 34 કરોડ રૂપિયાથી વધુના 74 જેટલા વિકાસકાર્યોનું લોકાર્પણ તથા મોટી-મારડ ગામમાં ત્રણ તળાવના સમારકામ માટે 63 લાખ રૂપિયાથી વધુના કામનું ખાતમુહૂર્ત કરાયું. આ પ્રસંગે ઉપસ્થિત કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયાએ કહ્યું, ગામડાના વિકાસ માટે માર્ગ, પાણી, લાઈટ જેવી મૂળભૂત સુવિધા પર સરકાર વિશેષ ધ્યાન આપી રહી છે. તેમજ ગ્રામ્ય વિસ્તારોને વિકાસ સાથે જોડવા અનેક કામ હાથ ધરાઈ રહ્યા છે.

## DWARKA VIKAS KARYO

દેવભૂમિદ્વારકામાં ખંભાળિયા અને ભાણવડ પંથકના રામનગર, સેવક-દેવરિયા અને આંબરડી સહિતના ગામમાં ધારાસભ્ય મુળૂભાઈ બેરાના હસ્તે કરોડો રૂપિયાના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરાયું. રામનગરમાં ગ્રામ પંચાયત હસ્તકની નલ સે જલ યોજના અંતર્ગત પાણી પૂરવઠા યોજના તૈયાર થવાથી ગામના લોકોને શુદ્ધ પીવાનું પાણી નિયમિત મળી રહેશે.

# RAID FOR LPG GAS

રાજ્યના વિવિધ જિલ્લામાં લોકોને **LPG** ગેસનો પૂરવઠો યોગ્ય માત્રામાં મળી રહે તે માટે તંત્ર દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. અરવલ્લીમાં પણ જિલ્લા પૂરવઠા વિભાગે તપાસ માટે આઠ ટુકડી બનાવી અને આવક-જાવકની નોંધણી કરવાની તપાસ હાથ ધરી હોવાનું પૂરવઠા અધિકારી મહેશ્વરી રાઠોડે જણાવ્યું.

**(BYTE: MAHESHWARI RATHOD, SUPPLY OFFICER)**

રાજકોટમાં જેતપુર તાલુકાની હૉટેલ્સ અને રેસ્ટોરાં-માં ઘરેલું ગેસના બાટલા – **LPG**ના ઉપયોગ અંગે દરોડા પડાયા. દરમિયાન વિવિધ જગ્યાએથી ચાર ગેસના બાટલા કબજે કરાયા હોવાનું અમારા પ્રતિનિધિએ જણાવ્યું હતું.

દેવભૂમિદ્વારકાના મુખ્યમથક ખંભાળિયાની એક હૉટેલમાંથી પૂરવઠા વિભાગે **10** જેટલા ગેરકાયદે ગેસના બાટલા કબજે કરી **30** હજાર રૂપિયાથી વધુનો સામાન કબજે કર્યો છે.

# NATIONAL VACCINATION DAY

આજે 16 માર્ચને રાષ્ટ્રીય રસીકરણ દિવસ તરીકે મનાવાશે. આ દિવસ નિમિત્તે રાજ્ય સરકાર ઓરી–રૂબેલા નાબૂદી માટે એક દિવસનું સઘન અભિયાન ચલાવશે. રાજ્યના આરોગ્ય વિભાગે રસી નિવારણ રોગ દેખરેખ માહિતી વ્યવસ્થાપન પ્રણાલિ– **V.S.I.M.S** અને સંકલિત રોગ દેખરેખ કાર્યક્રમ– **I.D.S.P.**

પોર્ટલમાંથી મેળવેલા વાસ્તવિક સમયની માહિતી આધારે ઉચ્ચ જોખમ ધરાવતા ક્ષેત્રોની પણ ઓળખ કરી છે.

બીજી તરફ, ગુજરાતે વર્ષ 2025-26માં 11 લાખ 30 હજારથી વધુ શિશુઓ અને 24 લાખથી વધુ બાળકનું સફળ રસીકરણ કરીને વિક્રમ બનાવ્યો હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

ઔદ્યોગિક વિસ્તારો અને સરહદી જિલ્લાઓમાં રહેતા અન્ય રાજ્યોના બાળકો પર વિશેષ ધ્યાન આપીને નવ માસથી 10 વર્ષની વયના બાળકોનું સંપૂર્ણ રસીકરણ સુનિશ્ચિત કરવાનો પણ લક્ષ્યાંક છે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

.....................................

# VADODARA DEMU TRAIN

વડોદરામાં ડભોઈ રેલવેમથકથી નવી શરૂ થયેલી કરજણ–ડભોઈ–પ્રતાપનગર ટ્રેનને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવાયું. આ ટ્રેનથી ડભોઈ, કરજણ અને વડોદરાના શ્રમિકો તથા મુસાફરોને લાભ થશે તેમ ડભોઈના ધારાસભ્ય શૈલેષ પટેલે જણાવ્યું.

**(BYTE: SHAILESH PATEL, MLA, DABHOI)**

# WEATHER FORECAST

હવામાન ખાતાએ રાજ્યમાં આ બુધવારથી ત્રણ દિવસ કમોસમી વરસાદની આગાહી કરતા ખેડૂતો ચિંતામાં મુકાયા છે. 18 માર્ચે કચ્છ, દ્વારકા, મોરબી, જામનગર, બનાસકાંઠા, પાટણ અને સાબરકાંઠામાં વરસાદની શક્યતા છે. જ્યારે 19 માર્ચે રાજકોટ, ભાવનગર, અમરેલી, ગીરસોમનાથ, ભરૂચ, વડોદરા, નર્મદા, સુરત, તાપીમાં વરસાદ થવાની સંભાવના હોવાથી રાજ્યમાં ગરમીમાંથી આંશિક રાહત મળી શકે છે, તેમ હવામાન ખાતાના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ જણાવ્યું.

**(BYTE: PRADEEP SHARMA, SCIENTIST, IMD AMDAVAD)**

# VADNAGAR PLAYER GOLD MEDAL

મહેસાણાનાં દિવ્યાંગ ખેલાડી ભાવિના પટેલે આંતરરાષ્ટ્રીય ટેબલટૅનિસ મહામંડળ – I.T.T.F. વર્લ્ડ પૅરા સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીત્યો છે. પૉલૅન્ડમાં રમાયેલી સ્પર્ધામાં વડનગર તાલુકાનાં સુંઢિયા ગામનાં વતની ભાવિના પટેલે આ સિદ્ધિ મેળવી છે.

સ્પર્ધામાં ખેલાડીએ ઉત્કૃષ્ટ રમત પ્રદર્શન કરી ફાઈનલ મુકાબલામાં જીત મેળવી સુવર્ણ ચંદ્રક પોતાના નામે કર્યો. ગામજનો, રમતપ્રેમીઓ અને વિવિધ સામાજિક આગેવાનોએ તેમને આ સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા છે.

# BANASKANTHA – KESUDA MAHOTSAV

બનાસકાંઠામાં વસંત ઋતુના આગમનને વધાવવા પહેલીવાર કેસુડા મહોત્સવ યોજાયો. કેસુડાના ફૂલોના સૌંદર્ય અને તેના પર્યાવરણીય મહત્વ અંગે લોકોને જાગૃત કરવા પીપળાવાળી વાવ ખાતે આ મહોત્સવનું આયોજન કરાયું. આ પ્રસંગે રાજ્યકક્ષાના મંત્રી પ્રવિણ માળી એ કહ્યું, આ મહોત્સવ આદિવાસી સમુદાયના લોકો માટે આજીવિકાનું સાધન બન્યું છે.

# AMDAVAD NDPS SEMINAR

અમદાવાદમાં ગ્રામ્ય પોલીસે સામાજિક સંસ્થા સાથે મળીને NDPS અંગે એક દિવસનો પરિસંવાદ યોજ્યો. તેમાં NDPSના મુદ્દાઓ અને તેને ઉકેલવા અંગે ચર્ચા

કરવામાં આવી. આ પ્રસંગે ઉપસ્થિત સર્વોચ્ચ અદાલતના પૂર્વ ન્યાયાધીશ એમ. આર. શાહે NDPS ને સમાજ માટે સૌથી મોટું દુષણ ગણાવ્યું હતું.

(BYTE: M. R. SHAH, FORMER JUDGE, SUPREME COURT)

## SURAT RAMNATH KOVIND

સુરતમાં પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ અને રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના હસ્તે ડાંગમાં હનુમાન મંદિરના નિર્માણના દાતાઓનું સન્માન કરાયું. ડાંગના 311 ગામમાં હનુમાનજી મંદિર અને સામૂદાયિક સભાખંડના નિર્માણ ઉપરાંત વધુ એક હજાર 111 મંદિર નિર્માણના સંકલ્પ બદલ રાજ્યસભા સાંસદ ગોવિંદ ધોળકિયાનું વિશેષ સન્માન કરાયું હતું.

આ પ્રસંગે શ્રી કોવિંદે આવા આધ્યાત્મિક અને સામાજિક કાર્યોને ભારતીય સંસ્કૃતિ અને રાષ્ટ્રના ઉત્થાન માટે જરૂરી ગણાવ્યા. સાથે જ તેમણે ડાંગ જેવા આદિવાસી વિસ્તારમાં 311 મંદિરના નિર્માણ થવાના કાર્યને સામાજિક એકતાનું પ્રતિક પણ ગણાવ્યું હતું.

---------------------------------------------------